

સંતભગવંત સાહેબજીનાં પૂજન : પ્રદીપ પોપટ



ઍડવૉકેટશ્રી સુધીરભાઈ નાણાવટીને પ્રસન્નતાપૂર્ણ આશીર્વાદ



મહોત્સવ સ્મૃતિગ્રંથ 'ભક્તિનવનીત'નું સુધીરભાઈના વરદ્ હસ્તે મુક્તાર્પણ



# શ્રી મુક્તાક્ષર પુરુષોત્તમમહારાજ પ્રાણપ્રતિષ્ઠા મહાપર્વ પૂર્વ સંધ્યાએ કીર્તનભક્તિ

**૩૦મી જાન્યુઆરીની** પાવન સંધ્યાએ સુંદર કીર્તનઆરાધનાનું આયોજન થયું. આ પ્રસંગે ગુજરાત લૉ સૉસાયટીના ચેરમૅન શ્રીમાન સુધીરભાઈ નાણાવટીએ સમગ્ર લૉ સોસાયટી પરિવારને મહોત્સવ સ્થળે આમંત્રી સંતભગવંત સાહેબજી અને અનુપમ મિશનના હરિભક્તો સાથેનો અનુપમ સંબંધ વધુ દૃઢ કર્યો.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કલાકારો શ્યામલ, સૌમિલ અને આરતી મુનશીએ સ્વરબદ્ધ કંઠે, સુમધુર સંગીતના તાલે સૌને સતત એક કલાક ભજનભક્તિમાં ગુલતાન કર્યાં ! અમદાવાદનાં ભૂલકાંઓ, યુવાનો-યુવતીઓ અને વડીલોએ ભેગાં મળીને મહોત્સવ ભજન પર સુંદર નૃત્ય રજૂ કરી મનનીય ભક્તિ અર્પણ કરી. આ ભવ્ય સાંસ્કૃતિક આરાધના દ્વારા ભક્તોએ અમદાવાદ-ઉપાસના ધામના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો આનંદ વ્યક્ત કર્યો.

વર્ષો પૂર્વે અક્ષરમુક્ત જે. ડી. પટેલના 'રસરાજેશ્વર'ના નાના ફ્લેટમાં શરૂ થયેલી અનુપમ મિશનની પ્રવૃત્તિએ આજે કેવો વ્યાપ પ્રાપ્ત કર્યો છે અને સાહેબજીનાં પ્રેમ, જતન અને આશીર્વાદે કેવાં સુફળ પકવ્યાં છે તેનું અનુપમ દર્શન અમદાવાદના હોનહાર યુવાન ઘનશ્યામભાઈ પાઠકે કરાવ્યું.








સ્વાગતોક્તિ : ઘનશ્યામભાઈ પાઠક, મહિમાદર્શન : ડૉ. વીરેન્દ્રભાઈ



ઍન્જિનિયરશ્રી દ્વિજેનભાઈ દ્વારા ઍડવૉકેટશ્રી સુધીરભાઈનાં સન્માન



ચુનીભાઈ દ્વારા પ.પૂ. અધ્યાત્માનંદસ્વામીજીને સેવાભાવ અર્પણ



કીર્તનભક્તિ રેલાવતાં શ્યામલ-સૌમિલ-આરતીબહેન અને કલાકારો




માહાત્મ્યદર્શન : સતીશભાઈ ચતવાણી, ડૉ. મનોજભાઈ સોની

લબ્ધપ્રતિષ્ઠ ઍડવૉકેટશ્રી સુધીરભાઈ નાણાવટી જેવા કર્મઠ અને જ્ઞાનપ્રચુર અનુભવી મોભી અનુપમ મિશન અને સાહેબજીના મહિમાનું દર્શન કરાવે તે સાંભળવું પણ સૌભાગ્ય જ બને ! સુધીરભાઈએ સાહેબજી અને અનુપમ મિશનનાં માહાત્મ્યગાન અદ્‌ભુત ગાયાં અને પોતાના હૈયામાં રહેલા માહાત્મ્યના ધોધને વહાવ્યો. વળી, અનુપમ મિશન દ્વારા થતી તમામ પ્રવૃત્તિમાં સમગ્ર લૉ સોસાયટીનો સદાય સહકાર છે તેમ જણાવી હૃદયભાવ વ્યક્ત કર્યો ! શ્રી મુક્ત અક્ષર પુરુષોત્તમમહારાજ પ્રાણપ્રતિષ્ઠા મહાપર્વના સ્મૃતિગ્રંથ ''ભક્તિ નવનીત''નું મુક્તાર્પણ સુધીરભાઈ નાણાંવટીના વરદ્ હસ્તે થયું.

આ પ્રસંગે ડો. મનોજભાઈ સોની, ડો. વીરેન્દ્રભાઈ, સતીશભાઈ ચતવાણીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. અમદાવાદના મુક્તરાજ અક્ષરનિવાસી દેવેન્દ્રભાઈ વ્યાસે તેઓની હયાતીમાં સંતભગવંત સાહેબજીના મહિમાનાં ૧૦૦થી પણ વધુ કીર્તનો રચી ભક્તિ અદા કરી હતી. તેઓના દીકરાઓ કલ્પેશ-ચેતન વ્યાસે આ કીર્તનોનો સંપુટ 'વ્હાલમ વરસ્યા અનરાધાર' તૈયાર કરાવ્યો, જેનું મુક્તાર્પણ પ.પૂ. અધ્યાત્માનંદસ્વામીજીના વરદ્ હસ્તે થયું !

ત્યારબાદ પ.પૂ. અધ્યાત્માનંદસ્વામીજી અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌને ભગવદ્ સુખ અર્પ્યું ! ઉપસ્થિત મહેમાનો અને અક્ષરમુકતો આ પાવન પર્વને માણી-આનંદી રહ્યા !



સંતભગવંત સાહેબજીનાં દર્શને પ્રોવૉસ્ટ ડૉ. ભાલચંદ્ર જોષી



આશીર્વચન : સ્વામીશ્રી પ.પૂ. અધ્યાત્માનંદજી



અતુલભાઈ લેખડિયા દ્વારા પ્રવીણભાઈ કોટકનાં સન્માન



'વ્હાલમ વરસ્યા અનરાધાર' કીર્તન સંચય-ઑડિયો સી.ડી.નું મુક્તાર્પણ



સંતભગવંત સાહેબજીની નિશ્રામાં અતુલભાઈ લેખડિયા અને પરિવારજનો



સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનભાઈ સાથે લેખડિયા બંધુઓ